જિલ્લા યુવા વિકાસ અધિકારી, સુરત

જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સુરત ગ્રામ્ય

જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, પ્રથમ માળ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧

Email:- dydo-syc-srt@gujarat.gov.in ફોન નં:- ૦૨૬૧-૨૪૬૫૮૦૮

કમાંક:-જિ.યુ.સાં.પ્ર/જિ.સ્પ./ ૪૦૧૪થી ૪૫૧૩ /૨૦૨૪-૨૫ તા.:- ૧૩/૦૯/૨૦૨૪

પ્રતિ,

(૧) આચાર્યશ્રી પ્રાથમિક, માધ્યમિક/ઉ.મા.શાળાઓ, તમામ સુરત ગ્રામ્ય.

(૨) પ્રિન્સિપાલશ્રી, આર્ટ્સ/કોમર્સ/સાયન્સ/કૃષિ કોલેજો તથા અન્ય ફેકલ્ટી કોલેજો તમામ, સુરત ગ્રામ્ય.

(૩) સ્વામી વિવેકાનંદ યુવા મંડળ, સુરત જિલ્લો તમામ.

વિષય:- જિલ્લા કક્ષા યુવા ઉત્સવ, બાળ પ્રતિભા શોધ,નવરાત્રી રાસ-ગરબા અને બાળ નાટ્ય તથા નૃત્ય નાટીકા સ્પર્ધા ૨૦૨૪-૨૫ના કાર્યક્રમ આયોજન બાબત.

સંદર્ભ: ૧). કમિશનરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના પત્રક્રમાંક:-૫૨૫૫/૫૬બ/જિ.યુ.ઉ/૨૦૨૪-૨૫/૯૮૩૩ થી ૯૮૬૭. તા.૨૦/૦૭/૨૦૨૪ના પત્ર અન્વયે.

૨). કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:૫૨૫૫/ સંસ્કૃતિ/બા.પ્ર.શો.સ્પ/૨૦૨૪-૨૫ /ગ-૨/૧૦૧૯૬થી ૧૦૨૨૨ તા.૨૩/૦૭/૨૦૨૪.

શ્રીમાન,

જયભારત સહ ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષે સુરત ગ્રામ્યની જિલ્લા કક્ષા યુવા ઉત્સવ, બાળ પ્રતિભા શોધ,નવરાત્રી રાસ-ગરબા અને બાળ નાટ્ય તથા નૃત્ય નાટીકા સ્પર્ધા ૨૦૨૪-૨૫ના અંગેની કચેરી દ્વારા કન્યા વિધ્યાલય અસ્તાન તા.બારડોલી જિ.સુરત ખાતે તા.-૨૨-૦૯-૨૦૨૪ ના રોજ યોજનાર છે. જેનો વિગતવાર કાર્યક્રમ આ સાથે સામેલ છે. જેમાં આપની શાળા/સંસ્થામાંથી અગાઉથી પ્રવેશપત્રો ભરેલ કલાકાર/સ્પર્ધકોને તા-૨૨/૦૯/૨૦૨૪ ના રોજ સવારે ૦૮:૩૦ કલાકે સ્પર્ધા સ્થળે રૂબરૂ હાજર રહી રિપોર્ટીંગ કરાવવા અંગેની સુચના આપવા વિનંતી.

વધુમાં જણાવવાનું કે, "યુવા ઉત્સવ સ્પર્ધા" માં તાલુકા કક્ષાએ યોજાયેલ સ્પર્ધામાં પ્રથમ આવનાર સ્પર્ધકો ભાગ લેશે. તથા સીધી જિલ્લા કક્ષાની યુવા ઉત્સવ સ્પર્ધા અને "જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, નવરાત્રી રાસ-ગરબા અને બાળ નાટ્ય તથા નૃત્ય નાટીકા સ્પર્ધા" માં જે સ્પર્ધકો/કલાકારો દ્વારા અગાઉથી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી સુરત ગ્રામ્ય ખાતે પ્રવેશપત્રો જમા કરાવ્યા છે, તે સ્પર્ધકો/કલાકારો ભાગ લઈ શકશે.

બિડાણ:- ઉપરોક્ત સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ.

જિલ્લા યુવા વિકાસ અધિકારી
સુરત ગ્રામ્ય

સવિનય નકલ રવાના જાણ સારૂ

(૧) માન.કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર.
(૨) માન. કલેકટરશ્રી, સુરત.
(૩) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત.
(૪) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
(૫) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત.

નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

૧) આચાર્યશ્રી,કન્યા વિધ્યાલય અસ્તાન તા.બારડોલી જિ.સુરત